પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:જી/સીપી/વિ.શા/જાહેરનામું/ ૩૫૬૨ /૨૦૨૧ તારીખ :૨૭ /૦૮/૨૦૨૧

## -: કરફયુ હુકમ :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એકટ કલમ. ૩૭(૪) અન્વયે કાઢેલ હુકમ:**

**વંચાણે લીધા:-**

(૧) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A, તારીખ.૨૬/૦૮/૨૦૨૧.
(૨) ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૨૯/૦૬/૨૦૨૧ ના પત્ર ક્રમાંકઃ 40-3/2020 DM-I(A) અન્વયે.
(3) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તારીખ.૨૬/૦૮/૨૦૨૧.

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને WHO દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શીકાઓ બહાર પાડવામાં આવેલ છે. ગૃહ મંત્રાલય ભારત સરકારના તા.૨૯/૦૬/૨૦૨૧ ના પત્ર ક્રમાંકઃ 40-3/2020 DM-I(A) થી કોરોના સંક્રમણને રોકવા અધ્યતન સુચનાઓ આપવામાં આવેલ છે.

૨. રાજય સરકાર દ્વારા COVID-19 ના સંક્રમણની બાબત ધ્યાને લેતાં ગૃહ વિભાગના તા.૧૫/૦૮/૨૦૨૧ ના હુકમ ક્રમાંકઃ વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A ના હુકમથી રાત્રીના ૨૨/૦૦ કલાક થી તા.૨૮/૦૮/૨૦૨૧ સવાર ૦૬/૦૦ વાગ્યા સુધી રાજયના ૦૮ શહેરોમાં રાત્રિ કરફયુ તથા કેટલાક નિયંત્રણો મુકી આવશ્યક પગલાંઓ લેવામાં આવી રહયા છે. ભારત સરકારની ઉપર દર્શાવેલ સંદર્ભ-(૨) વાળા પત્રની સુચનાઓ ધ્યાને લેતાં રાજય સરકારે કોરોનાનું સંક્રમણ રોકવા સંદર્ભ-(૧) વાળા જાહેરનામાથી સુચનાઓ આપેલ છે. જે હુકમમાં જણાવ્યા મુજબ વડોદરા શહેરમાં કોરોના સંક્રમણને રોકવા તથા તેને સંપૂર્ણપણે નાબુદ કરવા, પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાને લેતાં, લોકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતને લક્ષમાં લઇ નીચે મુજબનો હુકમ જરૂરી જણાય છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રી ના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલિત જાહેરનામા નંબર:જીજી/ ફકઅ/ ૧૦૮૮/૬૭૫૦/મ.અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે ઉપરોકત સંદર્ભ-(૧) વાળા ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગ ગાંધીનગરના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-A, તા.૨૬/૦૮/૨૦૨૧ ના જાહેરનામા અન્વયે જાહેર જનતાના હીતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

૩. વડોદરા શહેરમાં તા.૨૮/૦૮/૨૦૨૧ ના રાત્રીના કલાક:૨૩/૦૦ થી તા.૧૫/૦૯/૨૦૨૧ ના સવારના કલાક ૦૬/૦૦ સુધી રાત્રિ કરફયુ અમલમા મૂકવામાં આવે છે.

૪. સંદર્ભ (૩) ગૃહ વિભાગના તા.૨૬/૦૮/૨૧ ના હુકમમાં જણાવેલ મુજબ તા.૩૦/૦૮/૨૧ ના રોજ જન્માષ્ટમીના તહેવારની ઉજવણી તથા તા.૦૯/૦૯/૨૧ થી તા.૧૯/૦૯/૨૧ દરમ્યાન ગણેશ મહોત્સવના તહેવારની ઉજવણી સંદર્ભે રાત્રી કરફયુમાં આપવામાં આવેલ છૂટછાટ તેમજ નિયંત્રણો નીચે મુજબ અમલી રહેશે.

## ૨. તા.૩૦.૦૮.૨૦૨૧ -કૃષ્ણ જન્મોત્સવ

A. તા.૩૦.૦૮.૨૦૨૧ના રોજ જન્માષ્ટમીના રોજ રાત્રિના ૧૨.૦૦ કલાકે પરંપરાગત રીતે યોજાતાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી શકાશે. આ ઉજવણી દરમિયાન સોશીયલ ડીસ્ટંન્સીંગ તથા માસ્ક ફરજિયાત રહેશે.

B. મંદિર પરિસરમાં એક સમયે એક સાથે મહત્તમ ૨૦૦ વ્યક્તિઓ સોશીયલ ડીસ્ટંન્સીંગ સાથે દર્શન કરી શકશે.

C. મંદિર પરિસરમાં ફરજિયાત રીતે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોનું પાલન કરવાનું રહેશે તથા ગોળ કુંડાળા (સર્કલ) કરીને તેમાં ઉભા રહીને દર્શન કરવાના રહેશે.

D. આ તહેવાર સંદર્ભે મહત્તમ ૨૦૦ વ્યક્તિઓ સાથે મર્યાદિત રૂટ પર પારંપારિક રીતે નિકળતી શોભાયાત્રાઓનું મર્યાદિત વાહનોમાં આયોજન કરી શકાશે.

E. આ ઉપરાંત ગૃહ વિભાગના તા.૦૭.૦૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી જાહેર કરવામાં આવેલ કોરોના સંક્રમણ નિયંત્રણ અંગે ધાર્મિક સ્થાનો માટેની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

F. આ તહેવાર સંદર્ભે મટકી ફોડના કાર્યક્રમોનું આયોજન કરી શકાશે નહી.

G. જન્માષ્ટમીના તહેવાર સંદર્ભે જાહેર જનતા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી શકે તે હેતુથી આ દિવસે રાત્રિ કર્ફ્યુ રાત્રિના ૦૧.૦૦ વાગ્યાથી લાગુ થશે.

## ૩. તા.૦૯.૦૯.૨૦૨૧થી તા.૧૯.૦૯.૨૦૨૧ - ગણેશ મહોત્સવ

A. સાર્વજનિક ગણેશ મહોત્સવમાં મહત્તમ ૪ ફૂટની જ્યારે ઘરમાં મહત્તમ ૨ ફૂટની ગણેશ મૂર્તિનું સ્થાપન કરી શકાશે.

B. સાર્વજનિક ગણેશ મહોત્સવમાં પંડાલ / મંડપ શક્ય તેટલો નાનો રાખવાનો રહેશે.

C. આયોજકો દ્વારા પંડાલ / મંડપમાં સોશીયલ ડીસ્ટંન્સીંગ જળવાય તે હેતુથી યોગ્ય અંતરે ગોળ કુંડાળા કરીને દર્શનની વ્યવસ્થા કરવાની રહેશે.

D. સાર્વજનિક ગણેશ ઉત્સવ સ્થળોએ માત્ર પૂજા, આરતી અને પ્રસાદ વિતરણ કરી શકાશે. અન્ય કોઇ ધાર્મિક / સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવાના રહેશે નહી.

E. ગણેશ સ્થાપન અને વિસર્જન માટે મહત્તમ ૧૫ વ્યક્તિઓની મર્યાદામાં ફક્ત એક જ વાહન મારફત સ્થાપન અને વિસર્જન કરી શકાશે.

F. ઘર પર સ્થાપન કરવામાં આવેલ ગણેશજીનું વિસર્જન ઘરે જ કરવામાં આવે તે વધારે હિતાવહ રહેશે.

G. સ્થાનિક સત્તામંડળ દ્વારા બનાવવામાં આવેલ નજીકના કૃત્રિમ વિસર્જન કુંડમાં મૂર્તિઓનું વિસર્જન કરવાનું રહેશે. કૃત્રિમ વિસર્જન કુંડ સ્થળે ભીડ એકત્રિત કરવી નહી.

H. ગણેશ મહોત્સવના તહેવાર સંદર્ભે તા.૦૯.૦૯.૨૦૨૧ થી તા.૧૯.૦૯.૨૦૨૧ દરમિયાન રાત્રિ કર્ફ્યુ રાત્રિના ૧૨.૦૦ વાગ્યાથી લાગુ થશે. જયારે ગણેશ પંડાલ/મંડપમાં રાત્રિના ૧૧:૦૦ સુધી જ દર્શન ચાલુ રાખી શકાશે.

**૫.** ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ગાંધીનગર તરફથી તા.૨૯/૦૭/૨૧ ના હુકમ અન્વયે અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃજી/સીપી/વિ.શા./જાહેરનામું/૩૦૯૯/૨૦૨૧, તા.૩૦/૦૭/૨૦૨૧ થી લાગુ કરવામાં આવેલ અન્ય નિયંત્રણો તા.૨૮/૦૮/૨૧ ના સવારના ક.૦૬/૦૦ થી તા.૧૫/૦૯/૨૧ ના સવારના ક.૦૬/૦૦ સુધી યથાવત રહેશે.

**-:વિસ્તાર:-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા "THE EPIDEMIC DISEASES ACT 1897" અન્વયે "THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020' ની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઇઓ મુજબ તેમજ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ તેમજ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૭ /૦૮/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર વડોદરા શહેર

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત **કરાવવા સારૂ)**
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ **તરફ.**

**નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર.
(૧૩) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાન પત્રોમા તથા ચેનલોમા વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધ કરવા વિનંતી સહ**

ગુજરાત સરકાર
ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા.૨૬.૦૮.૨૦૨૧.

**હુકમ :-**

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. ગૃહ મંત્રાલય, ભારત સરકારના તા.૨૯.૦૬.૨૦૨૧ના હુકમ ક્રમાંક 40-3/2020-DM-I(A)થી કોરોના સંક્રમણને રોકવા અદ્યતન સૂચનાઓ આપવામાં આવેલ છે.

૨. રાજ્યમાં COVID-19ના સંક્રમણની બાબતને ધ્યાને લેતાં રાજ્ય સરકાર દ્વારા ગૃહ વિભાગના તા.૨૯.૦૭.૨૦૨૧ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A થી રાજયના ૮ શહેરોમાં દરરોજ રાત્રિના ૧૧.૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી રાત્રિ કર્ફ્યુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મુકવામાં આવેલ. જે તા.૧૫.૦૮.૨૦૨૧ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A થી તા.૨૮.૦૮.૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

૩. પ્રવર્તમાન પરિસ્થિતિની પુન: સમીક્ષા કરી રાજ્યના નીચે જણાવેલ ૮ શહેરોમાં તા.૨૮.૦૮.૨૦૨૧ના રાત્રિના ૧૧.૦૦ કલાકથી તા.૧૫.૦૯.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી રાત્રિ કર્ફ્યુની અવધિ લંબાવવામાં આવે છે.

| અનુ.નંબર | શહેરનું નામ |
|---|---|
| ૧ | અમદાવાદ શહેર |
| ૨ | વડોદરા શહેર |
| ૩ | સુરત શહેર |
| ૪ | રાજકોટ શહેર |
| ૫ | ભાવનગર શહેર |
| ૬ | જામનગર શહેર |
| ૭ | જુનાગઢ શહેર |
| ૮ | ગાંધીનગર શહેર |

૪. આ સંદર્ભે ગૃહ વિભાગના તા.૨૬.૦૮.૨૦૨૧ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી તા.૩૦.૦૮.૨૦૨૧ના રોજ જનમાષ્ટમીના તહેવારની ઉજવણી તથા તા.૦૯.૦૯.૨૦૨૧ થી તા.૧૯.૦૯.૨૦૨૧ દરમિયાન ગણેશ મહોત્સવના તહેવારની ઉજવણી સંદર્ભે રાત્રિ કર્ફ્યુમાં આપવામાં આવેલ છૂટછાટ તે સમય પૂરતી અમલી રહેશે. સંબંધીત સત્તાધિકારીઓએ આ બાબત લક્ષમાં લઈ ઉચિત જાહેરનામા બહાર પાડવાના રહેશે.

૫. તા.૨૯.૦૭.૨૦૨૧ના હુકમથી લાગુ કરવામાં આવેલ અન્ય નિયંત્રણો તા.૨૮.૦૮.૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાકથી તા.૧૫.૦૯.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી યથાવત રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
અધિક સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- રજિસ્ટ્રાર, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા)
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  ૨/– આ બાબતને બહોળી પ્રસિદ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  આ હુકમને ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરુરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૧.

ગુજરાત સરકાર

ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા.૨૬.૦૮.૨૦૨૧.

હુકમ :-

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. આગામી તહેવારોને અનુલક્ષીને પુખ્ત વિચારણા બાદ રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની માર્ગદર્શિકા અમલમાં મુકવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

**૨. તા.૩૦.૦૮.૨૦૨૧ – કૃષ્ણ જન્મોત્સવ**

A. તા.૩૦.૦૮.૨૦૨૧ના રોજ જન્માષ્ટમીના રોજ રાત્રિના ૧૨.૦૦ કલાકે પરંપરાગત રીતે યોજાતાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી શકાશે. આ ઉજવણી દરમિયાન સોશીયલ ડીસ્ટંન્સીંગ તથા માસ્ક ફરજિયાત રહેશે.
B. મંદિર પરિસરમાં એક સમયે એક સાથે મહત્તમ ૨૦૦ વ્યક્તિઓ સોશીયલ ડીસ્ટંન્સીંગ સાથે દર્શન કરી શકશે.
C. મંદિર પરિસરમાં ફરજિયાત રીતે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોનું પાલન કરવાનું રહેશે તથા ગોળ કુંડાળા(સર્કલ) કરીને તેમાં ઉભા રહીને દર્શન કરવાના રહેશે.
D. આ તહેવાર સંદર્ભે મહત્તમ ૨૦૦ વ્યક્તિઓ સાથે મર્યાદિત રૂટ પર પારંપારિક રીતે નિકળતી શોભાયાત્રાઓનું મર્યાદિત વાહનોમાં આયોજન કરી શકાશે.
E. આ ઉપરાંત ગૃહ વિભાગના તા.૦૭.૦૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી જાહેર કરવામાં આવેલ કોરોના સંક્રમણ નિયંત્રણ અંગે ધાર્મિક સ્થાનો માટેની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
F. આ તહેવાર સંદર્ભે મટકીફોડના કાર્યક્રમોનું આયોજન કરી શકાશે નહી.
G. જન્માષ્ટમીના તહેવાર સંદર્ભે જાહેર જનતા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી શકે તે હેતુથી આ દિવસે અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર, રાજકોટ શહેર, જામનગર શહેર, જૂનાગઢ શહેર, ભાવનગર શહેર અને ગાંધીનગર શહેરમાં રાત્રિ કર્ફ્યુ રાત્રિના ૦૧.૦૦ વાગ્યાથી લાગુ થશે.

**૩. તા.૦૯.૦૯.૨૦૨૧થી તા.૧૯.૦૯.૨૦૨૧ – ગણેશ મહોત્સવ**

A. સાર્વજનિક ગણેશ મહોત્સવમાં મહત્તમ ૪ ફૂટની જ્યારે ઘરમાં મહત્તમ ૨ ફૂટની ગણેશ મૂર્તિનું સ્થાપન કરી શકાશે.
B. સાર્વજનિક ગણેશ મહોત્સવમાં પંડાલ / મંડપ શક્ય તેટલો નાનો રાખવાનો રહેશે.
C. આયોજકો દ્વારા પંડાલ / મંડપમાં સોશીયલ ડીસ્ટંન્સીંગ જળવાય તે હેતુથી યોગ્ય અંતરે ગોળ કુંડાળા કરીને દર્શનની વ્યવસ્થા કરવાની રહેશે.
D. સાર્વજનિક ગણેશ ઉત્સવ સ્થળોએ માત્ર પૂજા, આરતી અને પ્રસાદ વિતરણ કરી શકાશે. અન્ય કોઇ ધાર્મિક / સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવાના રહેશે નહી.
E. ગણેશ સ્થાપન અને વિસર્જન માટે મહત્તમ ૧૫ વ્યક્તિઓની મર્યાદામાં ફક્ત એક જ વાહન મારફત સ્થાપન અને વિસર્જન કરી શકાશે.
F. ઘર પર સ્થાપન કરવામાં આવેલ ગણેશજીનું વિસર્જન ઘરે જ કરવામાં આવે તે વધારે હિતાવહ રહેશે.

G. સ્થાનિક સત્તામંડળ દ્વારા બનાવવામાં આવેલ નજીકના કૃત્રિમ વિસર્જન કુંડમાં મૂર્તિઓનું વિસર્જન કરવાનું રહેશે.

H. સ્થાનિક સત્તામંડળે ગણેશ વિસર્જન માટે શક્ય તેટલા વધારે કૃત્રિમ વિસર્જન કુંડ બનાવવાના રહેશે. જેથી કોઈ એક જ સ્થળે ભીડ એકત્રિત થાય નહી.

I. ગણેશ મહોત્સવના તહેવાર સંદર્ભે તા.૦૯.૦૯.૨૦૨૧ થી તા.૧૯.૦૯.૨૦૨૧ દરમિયાન અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર, રાજકોટ શહેર, જામનગર શહેર, જૂનાગઢ શહેર, ભાવનગર શહેર અને ગાંધીનગર શહેરમાં રાત્રિ કર્ફ્યુ રાત્રિના ૧૨.૦૦ વાગ્યાથી લાગુ થશે. જયારે ગણેશ પંડાલ/મંડપમાં રાત્રિના ૧૧:૦૦ સુધી જ દર્શન ચાલુ રાખી શકાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
અધિક સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રાર, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા)
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  ૨/– આ બાબતને બહોળી પ્રસિધ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  આ હુકમને ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરુરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૧.